ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં ડીઝીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પેન્ડીંગ અરજીઓના નિકાલ કરવા બાબત.

સંદર્ભ: ૧) જીલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરીનો પત્ર ક્રમાંક નં.જિનાંનિ/વિજા/૨૫-૨૬/૩૨૩૩ થી ૩૩૮૩ તા. ૨૨/૧૨/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાઓનો અમલ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ડિજીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત તમામ કોલેજોએ પડતર રહેલ શિષ્યવૃતિની અરજીઓનો નિયમોનુસાર વેરિફિકેશન કરી અરજીઓ તાત્કાલિક જીલ્લા કચેરીને મોકલી આપશો.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ વિકસતી જાતિના વિદ્યાથીઓની આપના લોગીનમાં અરજી પડતર/ વેરીફાઈ કે સેન્ડ કરવાની બાકી હોય તે તમામ અરજીઓનો સત્વરે નિકાલ દિન-૫માં કરવા જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા NTDNT જાતિના વિદ્યાર્થીઓ કે જેમને BCK-325 માં અરજી કરેલ હોય, તેવા તમામ વિદ્યાર્થીઓએ વિચરતી અને વિમુક્તિ જાતિનું પ્રમાણપત્ર અને વિદ્યાર્થીના વાલી (દાદા, કાકા, કે ફઈ)નું લિવિંગ સર્ટિફિકેટ એકજ PDF કરી જાતિના પ્રમાણપત્રની જગ્યાએ અપલોડ કરવાનું રહેશે તથા BCK-325ની તમામ પેન્ડીંગ અરજીઓ સત્વરે નિકાલ દિન-૫માં કરવા જણાવવામાં આવે છે. નિયત સમયગાળા બાદ જો કોઇ અરજીઓ પેન્ડીંગ રહેલ હશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી/વડા ની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

૨૩/૧૨/૨૦૨૫

ડીરેક્ટરશ્રી

સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રોની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૮૮/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૩/૧૨/૨૦૨૫

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ-૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

**જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી**
**જિ. ગીર સોમનાથ**
સરકારી કુમાર છાત્રાલયના બિલ્ડીંગમાં,હુડકો સોસાયટી, વેરાવળ જિ. ગીર સોમનાથ
સત્યમેવ જયતે
ફોન. (૦૨૮૭૬)૨૪૦૦૪૪ EMAIL:-ddcw.swo.gir@gmail.com

**ક્રમાંક: જિનાનિ/વિજા/૨૫–૨૬/૩૨૩૩થી૩૩૮૩** **તા.૨૨/૧૨/૨૦૨૫**

પ્રતિ,

...............................................

મુ.....................તા........................,

જિ. ગીર સોમનાથ

વિષય:વર્ષ:૨૦૨૫-૨૬ **DGP** પરથી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ અરજીઓનો નિકાલ કરવા બાબત. (**https://www.digitalgujarat.gov.in**)

સંદર્ભ:- (૧)અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંક: નં.જિનાનિ/વિજાક/પો.મે.શિ./૨૫-૨૬/૧૬૧૫-૧૭૯૬ તા.૧૯/૦૭/૨૫

(૨)અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંક: નં.જિનાનિ/વિજાક/પો.મે.શિ./૨૫-૨૬/૨૯૪૮-૩૧૨૯ તા.૧૦/૧૧/૨૫

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરીપત્ર-(૧) અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ ના સત્ર દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું **DBT** થી કરવા બાબતનો વિસ્તૃત પરીપત્ર તમામ શળા/કોલેજ ને મોકલી આપવામા આવેલ છે

વંચાણ(૨) વાળા પત્રથી વિકસતી જાતિનાં પાત્રતા ધરાવતા જે વિદ્યાર્થીઓની શિષ્યવુતીની અરજી કરવાની બાકિ હોય તેવા તમામ વિધ્યાર્થીઓએ તારીખ:૧૦/૧૨/૨૦૨૫ સુધીમા અરજી કરાવી આપની કક્ષાએથી ચકાસણી કરી અત્રેની કચેરીને મોકલી આપવા જણાવેલ, જે તારીખ પુર્ણ થયેલ હોય, પરંતુ ઘણી શાળા/કોલેજોના લોગીનમા અરજીઓ પડતર છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન વિકસતી જાતિના વિધ્યાર્થીઓ દ્વારા શિષ્યવુતિના ફોર્મ સબમિટ કરવામા આવેલ છે. તે તમામ ફોર્મ **PFMS PORTAL** પર વેરીફીકેશન થયા બાદ શાળા/કોલેજ/ આઇ.ટી.આઇ./ સંસ્થાના લોગીનમા **PROJECT---POST MATRIC SCHOLARSHIP—POST MATRIC PENDING APPLICATION MENU** મા જોઇ શકાશે. જે વિધ્યાર્થીઓ શાળા/ કોલેજ/ આઇ.ટી.આઇ./ સંસ્થાના **POST MATRIC PENDING APPLICATION MENU** મા પડતર હોય તેવા તમામ વિધ્યાર્થીઓની નિયમોનુસાર ઓનલાઇન ચકાસણી કરી દિન-૫મા જિલ્લા કચેરીને મોકલી આપવા જણાવવામા આવે છે. જેથી વિધ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવણાની આગળની કાર્યવાહી સમય મર્યાદમા ઓનલાઇન કરી શકાય સમય મર્યાદા બાદ શાળા/કોલેજ/ આઇ.ટી.આઇ/ સંસ્થા દ્વારા વિધ્યાર્થીઓના અરજી ફોર્મ ઓનલાઇન મોકલવામા આવશે અને શિષ્યવુતી ચુકવણા બાબતે કોઇ પણ પ્રશ્ન થશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજના આચાર્યશ્રીની અંગત રહેશે જેની નોંધ લેવી.

વધુમા જણાવવાનુ કે, સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમા અભ્યાસ કરતા NTDNT જાતિના વિધ્યાર્થીઓ કે જેણે BCK-325 મા અરજી કરેલ હોય, તેવા તમામ વિધ્યાર્થીઓ માટે વિધ્યાર્થીઓનુ વિચરતી અને વિમુક્ત જાતિનુ પ્રમાણપત્ર અને વિધ્યાર્થીની ઉપલી પેઢી(દાદા,કાકા, કે ફઇનુ) ના એલ.સી. ની એકજ PDF બનાવી જાતિ પ્રમાણપત્રની જગ્યાએ અપલોડ કરવાનુ રહેશે. સેલ્ફ ફાઇનાંન્સ કોલેજમા અભ્યાસ કરતાં NTDNT જાતિના જે વિધ્યાર્થીઓએ BCK-325 મા શિષ્યવૃતિની અરજી કરેલ છે. તે તમામ અરજીઓ હાલ સેલ્ફફાઇનાન્સ કોલેજ લોગીનમા પડતર હોય જેથી આવી તમામ અરજીઓની તાત્કાલિક દિન-૫ મા ઓનલાઇન ચકાસણી કરી જિલ્લા કચેરીને ઓનલાઇન અને ઓફલાઇન દરખાસ્ત મોકલી આપવા જણાવવામા આવે છે.સમય મર્યાદા બાદ મળેલ શિષ્યવૃતી ની ઓનલાઇન અને ઓફલાઇન દરખાસ્તો બાબતે કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની અંગત રહેશે જેની નોંધ લેવી.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ)ગીર સોમનાથ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧)માન.કલેક્ટરશ્રી,ગીર સોમનાથ તરફ જાણ સારૂ.

(૨) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૩)કુલ સચિવશ્રી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, જિ.ગીર સોમનાથ

(૪) કુલ સચિવશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જુનાગઢ

(૫)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.ગીર સોમનાથ તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.